પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૩૪ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૧, સોમવાર; મહા સુદ - ૪ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારતની લશ્કરી તાકાતમાં વધારો

**પ્રધાનમંત્રી મોદીએ આર્મીને અર્જુન ટેન્ક M-1A સોંપી :આત્મનિર્ભર ભારત તરફ વધુ એક ડગલું : હું તમિલનાડુને ભારતની ટેક્ક નિર્માણ કેન્દ્ર તરીકે વિકસિત થતાં જોઇ રહ્યો છું : વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સબોધન**





નવી દિલ્હી,તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે કેરળ અને તમિલનાડુના પ્રવાસ પર છે. પોતાના પ્રવાસના પહેલા ચરણમાં ચેન્નાઈ પહોંચેલા વડાપ્રધાન મોદીએ સ્વદેશમાં વિકસિત નવી અર્જુન ટેક્ક ભારતીય સેનાને સોંપી. આ ઉપરાંત તેઓએ અહીં અનેક પરિયોજનાઓનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કર્યું. વડાપ્રધાન કાર્યાલય તરફથી જાહેર કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ પરિયોજનામાં ચેન્નાઈ મેટ્રો પરિયોજના અને કેરળમાં એક પેટ્રોકેમિલક પરિસરના શુભારંભ સામેલ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે, મને સ્વદેશી રૂપથી ડિઝાઈન અને નિર્મિત અર્જુન માર્ક ૧એ ટેક્કને સોંપવા પર ગર્વ છે. તમિલનાડુ પહેલાથી જ ભારતનું અગત્યનું ઓટોમોબાઈલનું પ્રોડક્શન હબ છે. હવે હું તમિલનાડુને ભારતની ટેક્ક નિર્માણ કેન્દ્ર તરીકે વિકસિત થતાં જોઈ રહ્યો છું. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, અર્જુન ટેક્ક દેશની ઉત્તારી સરહદો પર તૈનાત કરવામાં આવશે. પીએમ મોદીએ ચેન્નાઈમાં આયોજિત કાર્યક્રમમાં વધુમાં કહ્યું

● અનુસંધાન પાન-૭ પર


## ઓમર-ફારુક-મુફ્તિ ફરી નજરકેદ

શ્રીનગર,તા.૧૪

જમ્મુ-કાશ્મીર પૂર્વ મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફરન્સના નેતા ફારુક અબ્દુલ્લા અને તેમના પુત્ર ઓમર અબ્દુલ્લાને નજરકેદ કરવામાં આવ્યા છે. ઓમર અબ્દુલ્લાએ ટ્વીટ કરી આ જાણકારી આપી. એ સિવાય પૂર્વ મુખ્યમંત્રી અને પીડીપી પ્રમુખ મહેબૂબા મુફ્તિને કાલે પુલવામાં જવાની મંજુરી નથી આપવામાં આવી.

# અમેરિકી સેનેટે ટ્રમ્પને આપી ક્લિન ચીટ

**ટ્રમ્પ ફરી મહાભિયોગથી બચ્યાં, વિરુદ્ધમાં ૫૭ અને પક્ષમાં ૪૩ વોટ પડ્યા, પરંતુ બે તૃતીયાંશ બહુમતી ન થવાથી મહાભિયોગ નહીં ચાલે**



વૉશિંગ્ટન,તા.૧૪

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને બીજી વખત મહાભિયોગની કાર્યવાહીમાંથી છૂટકારો મળ્યો છે. ૬ જાન્યુઆરીએ અમેરિકાની સંસદ કેપિટલ બિલ્ડિંગમાં થયેલા તોફાનોને લઈને ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગની કાર્યવાહી હાથ ધરાઈ અને સેનેટમાં મતદાન થયું હતું. સેનેટમાં થયેલા મતદાનમાં ૫૭ સેનેટરોએ ટ્રમ્પને દોષી તેમજ ૪૩ સેનેટરોએ નિર્દોષ ગણાવતા મત આપ્યો હતો. સેનેટમાં ટ્રમ્પને દોષી ઠેરવવા માટે સેનેટરોની બે તૃતિયાંશ બહુમતિ નહીં મળતા ટ્રમ્પ નિર્દોષ ઠર્યા છે.

અગાઉ પણ ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને તેમાં તેમને મુક્તિ મળી હતી.

પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ નિર્ણયને આવકાર્યો હતો અને પોતાની વિરુદ્ધ ચાલી રહેલી આ કાર્યવાહીને યુએસના ઈતિહાસમાં સૌથી ખરાબ વિચહન્ટનો બીજો તબક્કો હોવાનું ગણાવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

## ઓક્સફર્ડ યુનિ.ના સ્ટુડન્ટ યુનિયનના અધ્યક્ષ તરીકે મૂળ ભારતની રશ્મિ સાવંતની વરણી

લંડન,તા.૧૪

દુનિયાની સૌથી પ્રતિષ્ઠિત ગણાતી યુનિવર્સિટીઓ પૈકીની એક અમેરિકાની ઓક્સફર્ડ યુનિવર્સિટીના સ્ટુડન્ટ યુનિયનની અધ્યક્ષ તરીકે ભારતની વિદ્યાર્થિની રશ્મિ સાવંતની વરણી થઈ છે.

## જમ્મુમાં બસ સ્ટેન્ડ નદીકથી ૭ કિલો વિસ્ફોટકોનો જથ્થો જપ્ત

**મોટું આતંકવાદી હુમલાનું કાવતરું નિષ્ફળ**



શ્રીનગર,તા.૧૪

પુલવામા હુમલાની બીજી વરસી પર જમ્મુ-કાશ્મીરમાં મોટા આતંકવાદી હુમલાને નિષ્ફળ બનાવવામાં આવ્યો છે. જમ્મુ શહેરમાં બસ સ્ટેન્ડ નજીક ૭ કિલો વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યા છે. જે બાદ હાલ સમગ્ર વિસ્તારમાં સુરક્ષા જવાનોનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

બીજી તરફ જમ્મુમાં આતંકવાદી ગતિવિધિની ઘટના બાદ સુરક્ષા એજન્સી પણ સતર્ક બની ગઈ છે. લશ્કર-એ-મુસ્તફાના આતંકવાદી મલિકની ધરપકડ અને સાંબામાં સુરંગ અને હથિયારોનું મળવું દર્શાવે છે કે, કાશ્મીરમાં પક્કડ ગુમાવી ચૂકેલા આતંકવાદી સંગઠનો હવે જમ્મુમાં ષડયંત્ર રચી રહ્યાં છે.

જણાવી દઈએ કે, પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીઓ માટે જમ્મુ વિસ્તારનો સાંબા જિલ્લો ઘુસણખોરી અને હથિયારોને હેરાફેરી માટે સોફ્ટ ટાર્ગેટ બની રહ્યો છે. ઈન્ટરનેશનલ સરહદ હાઈવેના નજીક હોવાથી આતંકવાદીઓ લાભ ઉઠાવી રહ્યાં છે. જો કે આર્ટીકલ ૩૭૦ હટ્યા બાદ સેના

● અનુસંધાન પાન-૭ પર

# પુલવામાના શહીદોને રાષ્ટ્રાંજલિ

**૧૮ જેટલા પરિવારોને ખાલી કોફીન મોકલાયા : પુલવામા આતંકી હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાન શહીદ થયા હતા, જ્યારે ૭૦ અન્ય ઘાયલ થયા હતા**

નવી દિલ્હી,તા.૧૪

પુલવામા હુમલાની બીજી વરસી પર ભારતીય સેનાએ એક વીડિયો જાહેર કર્યો છે જે કોઈને પણ અંદરથી હલબલાવીને રાખી દેશે. ચિનાર કોર્પ્સના ટ્વિટર હેન્ડલથી બહાર પાડવામાં આવેલા આ વીડિયોમાં આખી ઘટના અને ભારત સરકારે લીધેલા પગલાઓ વર્ણવ્યા છે. વીડિયોની શરૂઆતમાં, અહેવાલ છે કે સીઆરપીએફ બટાલિયનની બસોને નિશાન બનાવતો આત્મઘાતી આતંકવાદી માત્ર ૨૦ વર્ષનો આદિલ અહેમદ ડાર હતો. તેણે વિસ્ફોટકોથી ભરેલી કાર દ્વારા તેના ઘરથી માત્ર ૧૦ કિમી દૂર હાઈવે પરથી પસાર થતી સીઆરપીએફની બસોને નિશાન બનાવી હતી અને આ ઘટનામાં ૪૦ સૈનિકો માર્યા ગયા હતા. પુલવામા આતંકી હુમલામાં ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ અન્ય ૭૦ સૈનિકો ઘાયલ થયા હતા. આ ઘટના પછી, ભારતે પાકિસ્તાન પાસેથી 'મોસ્ટ ફેવરર્ડ નેશન'નો દરજ્જો પાછો ખેંચી લીધો, તેની સાથે વેપાર કરવાનું બંધ કરી દીધું અને કૂટનીતિક મોરચે પણ ઘેરાબંધી કરવાનું શરું કર્યું હતું. વીડિયોમાં જ એક દ્રશ્યમાં જણાવાયું છે કે લગભગ ૧૮ જેટલા પરિવારોને ખાલી કોફીન મોકલવામાં આવ્યા હતા. કારણ કે ધમાકો એટલો પ્રચંડ હતો કે શહીદોના અંગ પણ શોધી શકાય તેવી સ્થિતિમાં નહોતા. એ બાબતને ધ્યાનમાં રાખો કે પુલવામા હુમલાના જવાબમાં ભારતે પાકિસ્તાનની અંદર ઘુસી ગયું હતું અને બાલાકોટ એરસ્ટ્રાઈક કરી હતી. ભારતની વળતી કાર્યવાહીમાં ડઝનેક આતંકીઓને ઠાર મારવામાં આવ્યા હતા. એટલું જ નહીં, પાકિસ્તાનને વિશ્વમાં અલગ થલગ કરવા અને પરોક્ષ રીતે તેને આતંકવાદી રાજ્ય જાહેર કરવાની ઝુંબેશ પણ હાથ ધરાઈ હતી. ભારતનો આ પ્રયાસ પણ મોટા પ્રમાણમાં રંગ લાવી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય સંસ્થા એફએટીએફ પાકિસ્તાન પર આતંકવાદીઓને ભંડોળ આપવાના કારણે પોતાની પકડ કડક કરી રહી છે અને તેના કારણે પાકિસ્તાન સંપૂર્ણ રીતે અકળાઈ ગયું છે. જે બાદથી પાકિસ્તાનની ઈમરાન ખાન સરકારને આંતરરાષ્ટ્રીય દબાણ સામે ઘૂંટણીયે પડવાની ફરજ પડી છે અને પાકિસ્તાનમાં રહેતા આતંકવાદીઓને એક પછી એક જેલમાં મોકલવા પડી રહ્યા છે.



## ક્લાઈમેટ એક્ટિવિસ્ટ દિશા રવિની બેંગલુરુમાંથી ધરપકડ

**ગ્રેટા થનબર્ગ ટૂલકિટ મામલામાં કાર્યવાહી : પોલીસે જણાવ્યું કે આ મામલામાં કેટલાક બીજા નામો રડાર પર છે અને ટૂંક સમયમાં અન્ય લોકોની ધરપકડ કરાશે**



નવી દિલ્હી,તા.૧૪

ખેડૂત આંદોલનને લઈ ભારતને કથિત રીતે આંતરરાષ્ટ્રીય સ્તર પર ઘેરવા માટે તૈયાર કરવામાં આવેલી રણનીતિનો ખુલાસો થયા બાદથી મોટો હોબાળો થઈ ગયો છે. મૂળે, ક્લાઈમેટ ચેન્જ એક્ટિવિસ્ટ ગ્રેટા થનબર્ગએ એક ટૂલકિટને ટ્વીટ કરી હતી, જેમાં કથિત રીતે ખેડૂત આંદોલનને લઈને મોદી સરકારને ઘેરવા અને ભારતને બદનામ કરવાનું કાવતરું રચવામાં આવ્યું હતું. આ મામલામાં હવે દિલ્હી પોલીસની સ્પેશલ સેલના સાઈબર યૂનિટે બેંગલુરુથી ૨૧ વર્ષીય ક્લાઈમેટ એક્ટિવિસ્ટ દિશા રવિની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા મુજબ, દિશા રવિને આજે દિલ્હીની કોર્ટમાં રજૂ કરવામાં આવશે. દિશા પર આરોપ છે કે તેણે ૨૬ જાન્યુઆરીએ યોજાયેલી ટ્રેક્ટર રેલીને લઈને સાઈબર સ્ટ્રાઈક માટે બનાવવામાં આવેલા

● અનુસંધાન પાન-૭ પર

## સરકાર વીજળી આપે નહીંતર મજબૂરીમાં અમારે જનરેટર લાવવા પડશે : ટિકૈત

**ભારતીય કિશાન યુનિયનના રાષ્ટ્રીય પ્રવક્તાનું નિવેદન : ગરમી હોય કે વરસાદ, અમારુ આંદોલન ચાલતુ રહેશે, બોર્ડર પર ખેડૂતો એસી અને કૂલરમાં આરામ કરશે**



ન્યુ દિલ્હી,તા.૧૪

ભારતીય કિશાન યુનિયનના રાષ્ટ્રીય પ્રવક્તા રાકેશ ટિકેતે કહ્યું કે સરકાર અમને વીજળીનું કનેક્શન આપે નહીંતર મજબૂરીમાં અમારે જનરેટર લાવવા પડશે.

ખેડૂત આંદોલન છે અને ચાલતુ રહેશે. ગરમી હોય કે વરસાદ, અમારુ આંદોલન ચાલતુ રહેશે. ઉનાળામા બોર્ડર પર જનરેટર લગાડવામાં આવશે અને જે રીતે ગામોમાંથી પાણી આવ્યું તે રીતે ડીઝલ પણ આવશે. બોર્ડર પર ખેડૂતો એસી અને કૂલરમાં આરામ કરશે. આંદોલન સ્થળ જ અમારા ઘર છે.

સરકારે ખેડૂતોના માર્ગમાં જે ખીલ્લા ઠોક્યા છે તે ઉખેડી લેવામાં આવશે. અમે દિલ્હીના મહેમાન છીએ, આવીશું, જઈશું અને ખેતીનુ કામ પણ કરતા રહીશું. સરકાર વાતચીત કરશે તો અમારો મોરચો પણ વાતચીત કરશે.

## આપણી ન્યાય વ્યવસ્થા ભારરૂપ, લોકોને કોર્ટમાં જઈ પસ્તાવો થાય છે : ગોગોઈ

**ખેડૂત આંદોલન-સીએએ મુદ્દે પણ જસ્ટીસએ મોટી સલાહ આપી : ભારતમાં કોર્ટના દાદરા ચઢ્યા પછી લોકોને પસ્તાવો થવા લાગે છે**

ન્યુ દિલ્હી,તા.૧૪

દેશની ન્યાય વ્યવસ્થા પર વારંવાર આંગળી ઉઠાવવામાં આવી છે, ન્યાય મેળવવા માટે વારંવાર કોર્ટના દાદરા ચઢવા પડતા હોય છે. દેશના પૂર્વ ન્યાયમૂર્તિ રંજન ગોગોઈએ પણ આ વાત પર મોહર મારી છે, તેમણે કહ્યું કે છે આપણી ન્યાય વ્યવસ્થા ઘણી ભારરુપ છે અને જૂની છે, જેના કારણે સમય પર ન્યાય આપવામાં સફળતા મળતી નથી.

રાજ્યસભાના સાંસદ બની ચુકેલા ગોગોઈ કહ્યું કે ન્યાય પ્રણાલી એ રીતે જર્જરીત થઈ ગઈ છે કે લોકો કોર્ટ જતા પસ્તાય છે. તેમણે એ પણ કહ્યું કે હવે કોર્ટ સામાન્ય લોકોની પહોંચની બહાર થઈ રહી છે અને માત્ર પૈસાવાળા અને કોર્પોરેટ વર્લ્ડના લોકો જ કોર્ટની સીડીઓ ચઢવા માગે છે. તેમણે કોર્ટના સભ્યને સ્થિતિ બદલવા માટે પગલું ભરવાની અપીલ કરીને કહ્યું કે હાલની વ્યવસ્થા ઘણી રીતે કામ નથી આવી, માટે જજની નિમણૂક અને તેમની ટ્રેનિંગમાં તાત્કાલિક બદલાવ લાવવાની જરુર છે. જસ્ટિસ ગોગોઈએ જજોની નિમણૂકમાં લેટ-લતીફીને પણ આ સમસ્યાનું કારણ ગણાવ્યું છે.

Vશાલ
SUPER MARKETની આજ
વાઘબકરી ચા (૧ કિ.)
રૂ. ૪૪૫/- બે કપ ફ્રી
સેક્ટર-૬/કુડાસણ

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

